નાશવંત સુખનો સર્વથા ત્યાગ કરવાથી અવિનાશ સુખની પ્રાપ્તિ અવશ્ય થાય છે
- ધર્મસૂત્ર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૨૦ | ૨૧ ઓક્ટોબર, ૨૦૧૪, મંગળવાર ; આસો વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ફિક્સ પગારના કર્મચારીઓને દિવાળી ભેટ

## હાલ મળતા માસિક વેતનમાં રૂ. ૨૬૦૦ થી ૩૭૦૦ નો વધારો જાહેર : એક લાખથી વધુ કર્મયોગીઓને લાભ મળશે : ૧લી ઓક્ટોબરથી અમલ

| હાલનો પગાર | પગારમાં થનાર વધારો | પગાર વધારાની રકમની ટકાવારી |
|---|---|---|
| ૪,૫૦૦ | ૭,૧૦૦ | ૫૮ ટકા |
| ૫,૩૦૦ | ૭,૮૦૦ | ૪૭ ટકા |
| ૯,૪૦૦ | ૧૩,૫૦૦ | ૪૪ ટકા |
| ૧૦,૦૦૦ | ૧૩,૭૦૦ | ૩૭ ટકા |

ગાંધીનગર, તા. ૨૦

રાજ્યના એક લાખથી વધુ કર્મચારીઓ માટે દિવાળીના તહેવારોની શરૂઆતનો દિવસ શુકનવંતો બની રહ્યો હતો. દિવાળીની ભેટ આપતા હોય તેમ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે ફિક્સ પગારના કર્મચારીઓના વેતનમાં રૂ. ૨૬૦૦થી ૩૭૦૦ નો વધારો જાહેર કરતા ફિક્સ પગારના કર્મચારીઓ અને તેમના પરિવારમાં આનંદ ઉલ્લાસ ફેલાઈ ગયો હતો. રાજ્યમાં વર્ગ-૩ અને ૪ ના એક લાખથી વધુ કર્મચારીઓને આ જાહેરાતથી લાભ મળશે. મોંઘવારીના સમયગાળામાં સમયોચિત નિર્ણય લઈ મુખ્યમંત્રીએ ફિક્સ પગારના કર્મચારીઓની લાંબા સમયની માંગણીને ગાહ્ય રાખી છે. કર્મચારીઆલમને ખુશ ખુશાલ કરી દીધા હતા.

રાજ્ય સેવામાં પ્રવર્તમાન ભરતી યોજના અંતર્ગત વેતન મેળવતા કર્મયોગીઓને મુખ્યમંત્રીશ્રીએ

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : કશ્યપ નિમાવત)

પરમ તેજે તું લઈ જા - પરમ તત્વને પ્રકાશભણી લઈ જવા પ્રાર્થનાનું પર્વ એટલે દિપાવલી પર્વ... ઘર-ઘર દિવડા થાય અને ઉજાસ પથરાય એટલે દિવાળી પર્વ... અજ્ઞાનમાંથી જ્ઞાન ભણી, અંધારામાંથી અજવાળા તરફ ગતિ કરાવતી એટલે દિવાળી પર્વ... આ પ્રકાશ પર્વની ઉજવણી અવનવા દિવડાઓ પ્રગટાવી અજવાળુ પાથરીએ છીએ... આજથી આરંભાતુ દિપોત્સવી પર્વ ઉજવવા અવનવા દિવડાઓ બજારમાં ઉપલબ્ધ બન્યા છે...

## દહેગામ પાલિકામાં ભાજપ-કોંગીના સભ્યો બાખડ્યા

### સભા બાદ ભાજપના સભ્યોને પોલીસ રક્ષણ હેઠળ ઘરે જવુ પડયું : ભાજપ અરાજકતા ઈચ્છે તેવો કોંગ્રેસનો આક્ષેપ

ગાંધીનગર, તા.૨૦

દહેગામ નગરપાલિકામાં પ્રમુખ સામેના અવિશ્વાસ પ્રસ્તાવને લઈ મળેલી આજની ખાસ સામાન્ય સભા ભારે તોફાની બની ગઈ હતી.

અવિશ્વાસનો પ્રસ્તાવ રજુ કરનાર વિપક્ષ ભાજપે સભા મોકુફ રાખવા તેમજ પ્રસ્તાવ પરની ચર્ચા ન ધરવા રજુઆત કરતાં જ મામલો બિચકયો હતો.

બંને પક્ષના સભ્યો સામસામે આવી ગયા હતા અને વાતાવરણમાં ઉશ્કેરાટ છવાઈ જવા પામ્યો હતો એક તબક્કે અપશબ્દોની પણ સભ્યો વચ્ચે આપ લે થતી સંભળાઈ હતી.

કોંગ્રેસે ભાજપની માંગણીને ફગાવી દીધી હતી અને અવિશ્વાસનો પ્રસ્તાવ ના મંજૂર કરી દીધો હતો.

બંને પક્ષો ના સભ્યો વચ્ચે ઉભા થયેલા તનાવને કારણે ભાજપના સભ્યને પોલીસ રક્ષણ હેઠળ નગરપાલિકા ભવન છોડવું પડયું હતું. સભ્યોની ગરમાગરમીને લઈ

● અનુસંધાન પાન-૭ પર





ડૉ. રાજેશ બી. શાહ
એમ.ડી. (ગાયનેક)
રાજ પ્રસૂતિગૃહ અને નર્સીંગ હોમ
પ્લોટ નં. ૧૦૪૫, ચ-૨ સર્કલ પાસે, સેક્ટર-૨૩, ગાંધીનગર
ડો. રાજેશ શાહ તા. ૨૪/૧૦/૨૦૧૪ થી ૧/૧૧/૨૦૧૪ સુધી હોસ્પિટલ પર મળશે નહીં. તા. ૨/૧૧/૨૦૧૪થી રાબેતા મુજબ હોસ્પિટલ ચાલુ હશે.
સંપર્ક નં. ૯૯૨૫૦ ૦૮૬૩૦
ફોન : ૨૩૨ ૨૨૩૧૪







